સરકારી કર્મચારી/અધિકારીના અકસ્માતે અવસાનના
પ્રસંગે તેના કુટુંબને તાત્કાલિક સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક. નવત-૨૦૦૦-યુ.ઓ.૧-૫,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ.૨૧-૧૦-૨૦૦૦.

**<u>વંચાણમાં લીધો</u> :-** નાણા વિભાગનો તા. ૩૦-૬-૯૭ નો ઠરાવ ક્રમાંક: નવત-૧૦૯૫- ૭૦૬-૫.

<u>ઠ રા વ</u>

સરકારી અધિકારી/કર્મચારી સેવામાં ચાલુ હોય કે મળવાપાત્ર રજા/અસાધારણ રજા ઉપર હોય તેવા સમયમાં થયેલ અવસાન પ્રસંગે વર્ગ-૧ થી ૪ ના તમામ અધિકારી/કર્મચારીના કુટુંબ ઉપર આવી પડેલી આપતિમાં સહાયરુપ બની શકાય તે માટે એક સમાન ધોરણે ઉચ્ચક રુ. ૨૫૦૦/- ની આર્થિક સહાય નાણા વિભાગના તા. ૩૦-૬-૯૭ ના ઠરાવ મુજબ આપવામાં આવે છે, પરંતુ અકસ્માત થવાથી અવસાન પામેલ અધિકારી/કર્મચારીના કુટુંબીજનોને આપવામાં આવતી ઉચ્ચક સહાય નકકી કરવાનો પ્રશ્ન સરકારની વિચારણામાં હતો.

૨. આ અંગે કાળજીપુર્વકની વિચારણા બાદ, સરકારી અધિકારી/કર્મચારીના અકસ્માતે અવસાનના પ્રસંગે તેના કુટુંબને તાત્કાલિક સહાય પેટે રુ. ૨૫૦૦૦/- (અંકે રુપિયા પચ્ચીસ હજાર પુરા) આપવાનું સરકારે ઠરાવ્યું છે જયારે સામાન્ય મૃત્યુના કિસ્સામાં અગાઉની નિયત જોગવાઇ મુજબ રુ. ૨૫૦૦/- ની આર્થિક સહાય આપવાનું ઠરાવેલ છે, તે ચાલુ રહેશે.

આ હુકમો આ ઠરાવ પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શામજી પટેલ
સંયુકત સચિવ,
નાણા વિભાગ.

પ્રતિ,

★ રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,

બધા જ મંત્રીશ્રીઓ, રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ અને નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.
સચિવાલયના સર્વે વિભાગો/તમામ ખાતાના વડાઓ.
સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ
સર્વે જિલ્લા વિકાસ અધિકારીઓ.
★ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા. સચિવાલય, ગાંધીનગર.
★ સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
★ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
★ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
સર્વે નિગમો /યુનિવર્સિટીઓ
સરકાર માન્ય તમામ સરકારી કર્મચારી મંડળો.
★ સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
★ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ(એ.એન્ડ.ઇ) ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
એકાઉન્ટન્ટ જનરલ(ઓડિટ)ગુજરાત, રાજકોટ/અમદાવાદ.
નિવાસી હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડંટ ફંડ, ખાનપુર, લાલાકાકા એસ્ટેટ, અમદાવાદ.
નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓ, અમદાવાદ.
નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, અમદાવાદ/સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકો.
તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/તમામ પેટા તિજોરી અધિકારીઓ.
નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ (નાણા સલાહકારશ્રીઓ સહિત)
નાણા વિભાગની સર્વે શાખાઓ/સર્વે અધિકારીશ્રીઓ.
સીલેકટ ફાઇલ / મદદનીશ સીલેકટ ફાઇલ.
“ ક “ વર્ગ વહેંચણી.

★પત્ર દ્વારા.